# SARDAR PATEL UNIVERSITY
VALLABH VIDYANAGAR - 388 120 (GUJARAT) INDIA

NAAC Re-Accreditation CGPA 3.11 Grade - 'A'

Website: www.spuvvn.edu Fax: (02692) 230309, 226804


## પરીપત્ર

### બી.એડ્. અભ્યાસક્રમ માટેની પ્રવેશ પ્રક્રિયા માટે ચતુર્થ તબક્કાનું શિડયુલ

આથી સબંધકર્તા સર્વેને જણાવવાનું કે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૦૨૬ની બી.એડ્. અભ્યાસક્રમની ચતુર્થ તબક્કાની પ્રવેશ પ્રક્રિયા નીચે મુજબની તારીખો દરમ્યાન થશે. જેના માટે જે વિદ્યાર્થીઓને પ્રવેશ ફોર્મ ભરવાનું બાકી રહી ગયેલ હોય તેવાં વિદ્યાર્થીઓ GCAS https://gcas.gujgov.edu.in/ પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરાવી ઓનલાઇન ફોર્મ ભરી બી.એડ્. કોલેજો/યુનિવર્સિટી વેરિફિકેશન સેન્ટર ખાતે વેરિફિકેશન કરાવવાનું રહેશે.

**નોંધ :** ૧. બી.એડ્. અભ્યાસક્રમ માટે વિદ્યાર્થીએ GCAS પોર્ટલ https://gcas.gujgov.edu.in/ પર (B.Ed.) પસંદ કરી રજીસ્ટ્રેશન કરાવી ફોર્મ ભરવાનું રહેશે.

| પ્રવેશનો તબક્કો | તારીખ | અનુસરવાની પ્રક્રિયા |
|---|---|---|
| રજીસ્ટ્રેશન રાઉન્ડ અને અગાઉના તબક્કામાં સબમિટ કરેલ અરજીની વિગતમાં સુધારણા માટે | ૦૪/૦૮/૨૦૨૫ થી ૦૬/૦૮/૨૦૨૫ | ૧. ક્વિક રજીસ્ટ્રેશન,રજીસ્ટ્રેશન ફી, પ્રોફાઇલ, શૈક્ષણિક માહિતી ભરવી અને યુનિવર્સિટી-કોલેજ- પ્રોગ્રામ- મુખ્ય વિષયની પસંદગી કરવી.<br>૨. ઓનલાઇન અરજી ચેક કરી GCAS પોર્ટલ પર સબમિટ કરવી.<br>જે વિદ્યાર્થીઓએ અગાઉના પ્રવેશના તબક્કાઓમાં પ્રવેશ માટે અરજી કરી હશે અને તેમણે ક્યાંય પ્રવેશ કન્ફર્મ કરાવેલ નહી હોય કે કન્ફર્મ કરાવેલ પ્રવેશ રદ કરાવેલ હશે તેઓ આ સમયગાળામાં તેમની અરજીમાં સુધારો કે ચોઇસ બદલી શકશે.<br>નોંધઃ આવા વિદ્યાર્થીઓએ ક્રમ ૨ મુજબ તેમની અરજી વેરીફાઇ કરાવવાની રહેશે. |
| વેરીફીકિશન રાઉન્ડ (રજીસ્ટ્રેશન રાઉન્ડને સમાંતર) | ૦૪/૦૮/૨૦૨૫ થી ૦૭/૦૮/૨૦૨૫ | GCAS પોર્ટલ પર સબમિટ કરેલ ઓનલાઇન અરજી તથા અસલ પ્રમાણપત્રોનું વેરીફીકિશન યુનિવર્સિટી/બી.એડ્. કોલેજોના વેરીફીકિશન સેન્ટર પર કરાવવું. |
| ટેકનીકલ પ્રોસેસ | ૦૮/૦૮/૨૦૨૫ | ----- |
| પ્રવેશ રાઉન્ડ-૧૩ | ૧૧/૦૮/૨૦૨૫ | ૧. વિદ્યાર્થીએ GCAS પોર્ટલ પર તેના ડેશબોર્ડ પર લોગ-ઇન કરી સંબંધિત યુનિવર્સિટી/કોલેજ દ્વારા આપવામાં આવેલ પ્રવેશની ઓફર ચકાસવી.<br>૨. વિદ્યાર્થીના ડેશબોર્ડ પર મળેલ તમામ ઓફર્સ પૈકી પસંદગીની યુનિવર્સિટી-કોલેજ -પ્રોગ્રામ-મુખ્ય વિષયની ઓફર પોર્ટલ પર OTP થી કન્ફર્મ કરવી. |

| | | |
|---|---|---|
| | | ૩. ઓફર લેટરની પ્રિન્ટ લઇ પ્રવેશ માટે સંબંધિત યુનિવર્સિટી-કોલેજ પર તમામ અસલ પ્રમાણપત્ર અને સ્વપ્રમાણિત પ્રમાણપત્રોના એક સેટ સાથે રીપોર્ટિંગ કરવું.<br>૪. યુનિવર્સિટી-કોલેજ ખાતે નિયમાનુસાર ફી ભરવી અને OTP થી પ્રવેશ કન્ફર્મ કરવો. |
| પ્રવેશ રાઉન્ડ-૧૪ | ૧૨/૦૮/૨૦૨૫ | પ્રવેશ રાઉન્ડ-૧૩ મુજબ |
| પ્રવેશ રાઉન્ડ-૧૫ | ૧૩/૦૮/૨૦૨૫ | પ્રવેશ રાઉન્ડ-૧૩ મુજબ |
| પ્રવેશ રાઉન્ડ-૧૬ | ૧૪/૦૮/૨૦૨૫ | પ્રવેશ રાઉન્ડ-૧૩ મુજબ |

નોંધ:

૧. જે વિદ્યાર્થીઓએ પ્રવેશના તબક્કાઓમાં ઓનલાઇન અરજી સબમિટ કરે છે પરંતુ વેરીફાઇ કરાવી નથી કે વેરીફાઇ કરાવવાની રહી ગઇ છે તે વિદ્યાર્થીઓ તા. ૦૪/૦૮/૨૦૨૫ થી તા. ૦૭/૦૮/૨૦૨૫ દરમિયાન તેમની ઓનલાઇન અરજી વેરીફાઇ કરાવી શકશે.

૨. જે વિદ્યાર્થીઓએ પ્રવેશના તબક્કાઓમાં યુનિવર્સિટી - કોલેજ ખાતે કન્ફર્મ કરાવેલ પ્રવેશ રદ્દ કરાવેલ છે તેઓ પ્રવેશના આ તબક્કામાં તેમની અગાઉની અરજીના આધારે ભાગ લઇ શકશે. તેમણે નવી અરજી કરવાની રહેશે નહી.

૩. વિધાથીઓ ખાલી બેઠકોની માહિતી GCAS પોર્ટલ પરથી મેળવી શકે છે. ઓનલાઇન અરજીમાં ચોઇસ કરતાં પહેલાં વિદ્યાર્થીએ તેમની પસંદગીના યુનિવર્સિટી-કોલેજ-પ્રોગ્રામ-મુખ્ય વિષયમાં બેઠકોની ઉપલબ્ધતાની પુષ્ટિ કર્યા બાદ જ ચોઇસ કરવી.

૪. વધુમાં, વિદ્યાથીઓને પોતાની શૈક્ષણિક લાયકાતને ધ્યાને લઇને સંબંધિત પ્રોગ્રામમાં અરજી કરવા માટે જે - તે ફોર્મ ટાઇપ પસંદ કરવાનું રહેશે. સંબંધિત પ્રોગ્રામમાં રજીસ્ટ્રેશન માટે કયું ફોર્મ ટાઇપ પસંદ કરવું તેની વિગતો GCAS પોર્ટલના હોમ પેજ પર " News, Updates & Circulars " વિભાગમાં ઉપલબ્ધ છે. રજીસ્ટ્રેશન ફી પરત મળવાપાત્ર નથી જેની ખાસ નોંધ લેવી.

૫. વિદ્યાર્થીને સંબંધિત કોલેજ-યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલ પ્રવેશના ઓફરની સમયાવધિ સંબંધિત કોલેજ-યુનિવર્સિટીના કામકાજના કલાકો કે સાંજે ૪.૦૦ કલાક (બે માંથી જે વહેલું હોય) સુધીની રહેશે.

નં.ડી/બી.એડ્./૨૦૨૫/4336
વલ્લભ વિદ્યાનગર
તારીખઃ ૦૪/૦૮/૨૦૨૫

કુલસચિવ

નકલ રવાનાઃ

(૧) મેમ્બર સેક્રેટરી, GCAS સેલ, કે.સી.જી., પ્રજ્ઞા પુરમ કેમ્પસ, પી.આર.એલ. સામે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૧૫.

(૨) સર્વે સંલગ્ન બી.એડ્. કોલેજોના આચાર્યશ્રી તરફ જાણ તેમજ કાર્યવાહી કરવા સારૂ.

(૩) નિયામકશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી કરવા સારૂ.

(૪) કુલપતિશ્રીના અંગત મદદનીશ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર તરફ જાણ કરવા સારૂ.